# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૧૩ • તા.૮ જૂન થી ૧૪ જૂન ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# અત્ર તત્ર સર્વત્ર

## સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિજનોને સેવા અને સહાય મધરાત સમયે પણ મળે છે



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)


# બી પોઝિટીવ : હકારાત્મક વલણ અપનાવો

ઘણા વક્તાઓ, ચિંતકો અને સંત મહાત્માઓ શ્રોતાઓને તેમના પ્રવચનમાં હકારાત્મક વલણ ધરાવવાની શીખ આપે છે. પોઝિટીવ વલણ સકારાત્મક વિચાર પ્રવાહ ધરાવવાથી તેનું પરિણામ પણ પોઝિટિવ મળે છે. પોતાના માટે જ નહીં પણ અન્ય પ્રત્યે, સામે વાળાઓ માટે પણ હકારાત્મક વલણ રાખવાથી બધું સારૂ થાય છે. જેટલો આપણો અભિગમ વિજ્ઞાનની કે મનની શક્તિઓ પર વિશ્વાસ ભર્યો હશે એ વિચારીને આપણા વલણ કે વિચારને કેળવીશું તો આપોઆપ આપણો અભિગમ પણ સકારાત્મક સાથે શુદ્ધ અને પારદર્શક ભર્યુ બનશે. એ પછી ગમે તેટલા દુ:ખ, કષ્ટ આવશે આપણું વલણ સકારાત્મક હોવાથી તેનું દર્દ શોક કે આઘાતનું વલણ આપણે ન અનુભવી શું. જેટલો અભિગમ કોઈ પરિસ્થિતિ લઈને હકારાત્મક હશે તેટલા આપણે આસાની અને કષ્ટ, યાતનાથી પીડાયા વગર, દુ:ખ ભોગવવાની લાગણી વગર આપણે એનો આસાનીથી સામનો કરી શકીશું.

કોઈ આપણી પ્રત્યે નકારાત્મક લાગણી ધરાવે, ટીકા ટિપ્પણી કરી લાગણી દુભાવે અથવા તો નિંદા-બદબોઈ કરી બીજાઓની સમક્ષ આપણી છબીને ધૂંધળી કરે. આપણું શું? એવું વલણ, એ વાતો તરફ ન જોવાના આપણા પ્રયત્નોથી તે વ્યક્તિ આખરે હતાશ થશે અને અંતે હારી આપણી તરફ આવવાની કોશિષ કરશે.

આપણા વિષે ખરાબ સાંભળી કોઈ વક્તા ભર્યા વાતાવરણથી આપણને જુએ તો 'કંઈ નહીં આપણા વિષે સારૂ કે ખરાબ સાંભળ્યું તો છે ને ?' એવા ભાવ આપણને હળવો રાખશે. જેણે નકારાત્મકતા વાત પર ધ્યાન આપવા કરતાં હકારાત્મક વાત શોધી લીધી હશે. તે સહજતાપૂર્વક જીવન જીવી જશે. જેઓ નેગેટિવ વિચારનો બોજ મન અને મગજ પર લઈ રાખ્યો છે. તેઓ સતત તેની ચિંતા તાણમાં રમમાણ રહે છે અને અકળામણ અનુભવતા રહે છે. આમ મનોમસ્તિક પર નકારાત્મક વિચાર વલણ ધૂમરયા કરતા હોવાથી તે કશે સુખ-શાંતિ અનુભવી શકતા નથી. આખો દિવસ એ જ વસ્તુ એજ દિશા કે દર્શન મળતું નથી. આમ ઘાંચીના બળદની જેમ નકારાત્મક સોચને પકડીને એ ગોળ ગોળ ઘૂમ્યા કરે છે. છતાં ક્યાં પહોંચી શકતા નથી. મંઝિલ હાંસિલ કરી શક્તું નથી. સામે વાળી વ્યક્તિ આપણને અશાંતિ આપે તે આપણે અશાંત થઈ આપણું જીવન અસ્તવ્યસ્ત કરી દઈએ શા માટે ? માટે યોગ્ય રીતે સમજી વિચારીને ચેન્જ લાવીને વલણ બદલાવીને હકારાત્મક, સકારાત્મક બનીએ એ જરૂરી છે. માટે જ બીપોઝિટીવ.

– જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# મિત્ર આપણો મૂલ્યવાન ખજાનો

**મિત્ર માટે કહેવાયું છે કે 'મિત્રતા એટલે વાત વગરની વાતો અને નાત વગરનો નાતો', 'ભગવાન જેને લોહીના સંબંધથી બાંધવાનું ભૂલી જાય છે તેને પછી 'મિત્ર' બનાવી ને આપણી પાસે મોકલે છે.'**

મિત્રો, વિચારો અને નિખાલસત્તાની ફૂલદાની છે. એ ફક્ત નવરી ક્ષણોને પસાર કરવાનું ગમતીલું રમકડું નથી. તમે અતિ વ્યસ્ત હો કે કામમાં ઓતપ્રોત હો તો પણ સ્મરણો દ્વારા સદાય તમારી અંદર કે આસપાસ રમતો હોય છે. મિત્ર આપણી મહત્વાકાંક્ષાઓ પૂરી કરવાનું સાધન નથી. તે તો આપણને જીવનનાં ગહન રહસ્યોની યાત્રા કરાવી સત્યાર્થ સુધી લઈ જઈ તેજોમય વિશ્વનો અનુભવ કરાવે છે. મિત્ર આપણામાં નવા સપનાઓને વાવતો રહે છે. ખબર ન પડે તેમ એનું સિંચન કરે અને ઉગાડે અને પછી એમાંથી જે ફળ પ્રાપ્ત થાય એનો સંતોષ લાંબે ઊભો મનોમન અંતકરણપૂર્વક માણે છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

નૈતિકતા વગરની સુંદરતા અને સચ્ચાઈ વગરની ઊંચાઈ કશા કામની નથી. નદી જેનો આદર્શ છે, સાગર જેની પ્રેરણા છે. કારણ કે નદી વહેતાં શીખવાડે છે, સાગર સ્થિરતા શીખવાડે છે. નદી જીવનનું મૂલ્ય સમજાવે છે તો સાગર અસ્તિત્વનું મૂલ્ય સમજાવે છે. બધાનો નિચોડ મિત્રમાં આબાદ રીતે છલકે છે. મિત્ર માત્ર આપણા વિચારોનો અરીસો નથી એ માર્ગ છે. મિત્ર કદી ક્યારેય આંગળી પકડશે નહીં પણ તમને સારા કાર્યો કરવા આંગળી ચીંધશે. વિશ્વમાં આ એક વ્યક્તિ એવો છે જે ક્યારેય આપણને સસ્તો, કે હલકો માર્ગ નહીં બતાવે કારણ કે તેની અંતરની અભિલાષા હોય છે કે મારો અંતરંગી મિત્ર, આત્મીય દિલોજાન યાર તેના કપરામાં કપરા કાળને બહાદુરીપૂર્વક પડકારે અને પ્રામાણિકતાથી તેની ઉપર વિજય મેળવે. તે આપણને લડતાં પણ શીખવે છે તો જીવતાં પણ મિત્ર આપણને ભ્રમણાના વિશ્વમાંથી બહાર કાઢે છે. આપણી દરેક વાત તેને ગમે જ એવી અપેક્ષા પણ મિત્ર પાસે રાખી ન શકો. તે આપણને સાંભળે નહીં પણ સંભાળે છે.

તે કદી આપણી પાસે પોતાની મોટાઈના બણગાં નહીં ફૂંકે, કારણ કે તે તો આપણને મોટાં બનાવવા અને મોટા કરવામાં જ વ્યસ્ત હોય છે. સાચો મિત્ર તેના યારને રિફ્યુઝ નહીં કરે પણ રિફ્રેશ જરૂર કરશે. તે આપણામાં રહેલા હુંને પ્રોત્સાહન નહી આપે. તેને છાભા છૈયા કરીને કાગનો વાઘ નહીં કરે પણ હુંને ઓગાળવા મથતો રહેશે. તે પાસે હોય કે ન હોય તે સાથે જરૂર હોય છે જ. માઈલોના માઈલ દૂર હોવા છતાં આપણામાં જ ઓતપ્રોત હશે એટલું નક્કી છે.

મિત્રો પાછળ મરવું નહીં પણ મિત્રો માટે જીવવું. મિત્રો સાચો કે ખોટા, સારા કે ખરાબ, પ્રિય કે અપ્રિય હોતા જ નથી. મિત્ર મિત્ર જ હોય છે. તે બીજું કશું હોઈ શકે જ નહીં. મિત્ર, દોસ્ત, યાર, ભાઈબંધ એ એક એવો સંબંધ છે જે માણસ પોતે જ બનાવે છે. નહીંતર બાકીના બધા સંબંધો જન્મતાની સાથે જ બની જતા હોય છે. જીવનમાં મિત્રતા સૌથી બહુમૂલ્ય સંપત્તિ છે જેને કોઈ ક્યારે પણ ગુમાવવા નથી ઈચ્છતા. સાચો મિત્ર એ આપણા જીવનના અમૂલ્ય મૂડી સમાન છે. એટલે જ દિલ ઈચ્છે કે **'દોસ્ત તારા હૃદયમાં અમને ઉમર કેદ મળે, ભલે થાકે બધાં વકીલ, તોય ઉમ્રભર જામીન ન મળે.'**


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

***7.49%**
(p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

**Working Hours :** 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com

@ Arihant Bank

KDO

# અત્ર તત્ર સર્વત્ર સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિજનોને સેવા અને સહાય મધરાત સમયે પણ મળે છે



સમસ્ત મહાજનનું ગઠન થયું તે સાથે જ વિવિધ કાર્ય યોજના દ્વારા જ્ઞાતિજનોની સેવા-સહાય અર્થે સદૈવ તત્પર રહે છે. વિવિધ સમિતિઓ પોત પોતાની રીતે જ્ઞાતિજનોને માટે અનેક પગલાં ભરી મદદરૂપ થાય છે. વડીલજનો, દિવ્યાંગજનો, આકસ્મિક બિમારીને કારણે આપદાગ્રસ્ત જ્ઞાતિ પરિવારોને સંજીવની સહાય, વેપારી-વ્યવસાયિકો, યુવાઓ અને નારી શક્તિ માટે સમિતિઓનું કાર્ય કૌશલભર્યું છે. જ્ઞાતિની સંસ્કૃતિ સભ્યતા અને વિરાસતની જાળવણી માટે રીત રિવાજો પરંપરાની જતન સંભાળ માટે સમસ્ત મહાજન સંકલ્પિત પ્રોજેક્ટ ગ્લોબલ વિલેજ જ્ઞાતિ માટે ન ભૂતો ન ભવિષ્ય બની રહેશે.

સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટીઓ, સેક્રેટરી જનરલ અને સર્વે ટ્રસ્ટીઓ એક સૂત્રથી જ્ઞાતિજનોના સેવાર્થે દિવસ રાત તૈયાર રહે છે. જેનો તાજો ઉદાહરણ અમદાવાદમાં ઘટિત એક ઘટનામાં જોવા મળ્યો. ડોંબિવલીમાં વર્ષોથી વસવાટ કરતાં મોભી વડીલ મુકેશભાઈ શિયાલ પરિવાર સાથે ડોંબિવલીથી રાજસ્થાન જવા નીકળ્યા હતા. રાત્રે ૧૧ વાગ્યે અમદાવાદ સ્ટેશન ઉપર બધું ભૂલી જવાની બિમારી ધરાવતાં મુકેશભાઈ જેમને પોતાનું નામ પણ નથી યાદ રહેતું એવી પરિસ્થિતિમાં પ્લેટફોર્મ પર ઉતરી ગયા. શિયાલ પરિવારે પુરી ટ્રેનની તપાસ કરી પણ પતો મળી શક્યો નહીં એટલે ધારણા બાંધી લીધી કે અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર ઉતરી ગયા હશે.

જ્ઞાતિજન ગ્રુપના શિયાલ પરિવારના અંગત સંબંધી કિરણભાઈ પણ પ્રવાસમાં સાથે હતા. તેમને અમદાવાદનું નામ આવે એટલે સમસ્ત મહાજનના ટ્રસ્ટી રાજેશભાઈ ધરમશીનું નામ યાદ આવે એટલે મોડી રાત્રે ૧ વાગ્યે તેમને ફોન કર્યો અને શું ઘટયું એની સવિસ્તર માહિતી આપી. ઘટનાની ગંભીરતા સમજી રાજેશભાઈ તાબડતોબ સમય ગુમાવ્યા વિના અમદાવાદ રેલવે સ્ટેશન પહોંચી ગયા. તેમની સજાગતા, કાર્યસૂઝ અને તેમના પોલીસ ખાતામાં ઉચ્ચમ અમલદાર સાથેના અંગત સંબંધોની મદદથી પોલીસની કોઈપણ અન્ય કાર્યવાહી કરવામાં સમય ન બગાડી તુરંત સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ શરૂ કરી અને રાત્રે ૨.૩૦ વાગ્યે મુકેશભાઈ શિયાલ પ્લેટફોર્મ નં.૧ ઉપર જોવા મળ્યા. ત્યારબાદ મુકેશભાઈના જમાઈ બીજા ગુજરાતી મિત્રો લઈ બધા પ્લેટફોર્મ જોયા આખરે પ્લેટફોર્મ નં.૩ ઉપર મુકેશભાઈનો પતો મળ્યો.

છેવટે રાત્રે ૩ વાગ્યે એક કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિજન અને સંબંધની ફરજ બજાવતા મુકેશભાઈને પોતાના ઘરે લઈ ગયા. સવારે પાંચ વાગ્યે એરપોર્ટ ઉપર મુકેશભાઈ પુત્ર પરાગ આવતા પિતા પુત્રનું સુખદ મિલન કરાવેલ.

આમ સાધર્મિકભાઈ કેડીઓ જ્ઞાતિભાઈ માટે જે કાર્ય સમસ્ત મહાજનના સમર્પિત ટ્રસ્ટી રાજેશભાઈ ધરમશીએ કર્યું એ માટે કેડીઓ જ્ઞાતિ જરૂર ગર્વની લાગણી અનુભવશે. અમદાવાદના રાજેશભાઈ ધરમશીના સુકાર્યની જાણ તો હતી પણ આજે જાણી અને અનુભવી ખરેખર તેઓ સંકટમાં મુકાતા પરિવાર માટે સાચા સ્વજન જેવા છે.

# સંજીવની કેસ અરજી નં.૧૪૨ માટે રૂા.૨.૭૫ લાખ જમા થઈ જતાં કેસ ક્રાઉડ ફંડિગમાંથી પરત લેવાયો




નાની ખાવડી-થાણામાં રહેતા ૬૮ વર્ષીય શ્રીમતી દમયંતિબેન અરવિંદ લોડાયાને બંન્ને પગના ઘૂંટણાના સાંધાની તકલીફ છે. તબીબી સલાહ અનુસાર બંન્ને ઘૂંટણ માટે ટોટલની સર્જરી ઘૂંટણની રિપ્લેસમેન્ટ સર્જરી કરાવવાની જરૂર છે. તેઓ પતિ અને પુત્ર સાથે રહે છે. પુત્ર ખાનગી કેમિકલ કુંપની પ્રોડક્શન ડિપાર્ટમેન્ટમાં મેન્યુઅલ વર્કર તરીકે કામ કરે છે અને લઘુતમ વેતન મેળવે છે. જેનાથી પરિવારનો ગુજારો થાય છે. પરિવારની નથી કોઈ બચત કે નથી વીમાનું પીઠબળ.

થાણાની ચેરિટેબલ હોસ્પિટલમાં સર્જરી કરવા માટે રૂા.૨.૭૫ લાખની જરૂરત છે. જે મેળવવા માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે સંજીવની યોજના અંતર્ગત અરજી કરી છે. કેસનો તલસ્પર્શી અભ્યાસ કર્યા બાદ સદર અરજી કેસ નં.૧૪૨ હેઠળ ક્રાઉડ ફંડિગ માટે મૂકતા નોંધપાત્ર સમયમાં જ જરૂરતની રકમ જમા થઈ ગયેલ.

આ માટે એક અજ્ઞાત દાતાએ પોતાનું નામ જાહેર કર્યા વિના રૂા.૧,૦૧,૦૦૦ ની ઉદારભેટ માનવતાની ફરજ સમજી આપી. સમગ્ર કેસમાં મદદરૂપ થનાર ઉદારદિલ દાતાઓ, મહાજનો, ટ્રસ્ટો સંસ્થાઓ, શુભેચ્છક સ્વજનોનો મનપૂર્વક આભાર જેઓએ માનવતા સાદને સાંભળી સહયોગી થયા. પુનઃપુનઃ સૌની ભૂરી ભૂરી અનુમોદના

# સંજીવની કેસ નં.૧૪૩ની જરૂરત રકમ રૂા.૩.૩૦ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગમાંથી કેસ પરત લેવાયો




કચ્છ સાંધવ હાલે લાલપર-જામનગરના ૪૩ વર્ષીય રાજેશભાઈ જવેરચંદ દંડને શ્વાસ લેવામાં તકલીફ સાથે છાતીમાં દુ:ખાવાને કારણે ઈમર્જન્સી પરિસ્થિતિમાં હૉસ્પિટલમાં તાત્કાલિક દાખલ કરવા પડયા તબીબના નિદાન અનુસાર તેમને પલ્મનોરી એવિયોલર હેમરેજ સાથે ઈન્ટરર્સિટિશીયલ લંગ ડિસીજ અને ફાઈબ્રોસિસના ઈલાજ માટે લાંબો સમય તબીબોના નિરીક્ષણ હેઠળ હૉસ્પિટલમાં લાંબો સમય રહેવું પડશે જે માટે સારવાર તથા હૉસ્પિટલ ખર્ચ મળી રૂા.૩.૩૦ લાખનો ખર્ચ થાય એવો અંદાજ અપાયો હતો.

શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુરમાં સર્વિસ કરતાં ત્યાંજ પત્ની સાથે રહે છે પુત્ર વીએલવીજી હોસ્ટેલ ઘાટકોપરમાં અભ્યાસ અર્થે રહે છે. કપરી પરિસ્થિતિમાં મુકાઈ જતાં તેઓ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે કેસ ક્રાઉડ ફન્ડિંગ માટે મુકાયો હતો. જે ટૂંકા સમયમાં દાતાઓ, મહાજનો, ટ્રસ્ટોના સાથ થી ફંડ જમા થઈ જતાં ક્રાઉડ ફન્ડિંગમાંથી કેસ પરત લઈ લેવાયો. આ અરજી માટે અજ્ઞાત દાતાઓથી એક લાખ એક હજારનું ગુપ્તદાન આપી ઉદારભાવથી પરાકાષ્ઠા દર્શાવી સૌને પ્રેરણા થાય એવું કાર્ય કરેલ છે. આમ હર વખતની જેમ ઉદારદિલ દાતા, ટ્રસ્ટ, મહાજનોની માનવતા ભરી મદદને લીધે સમગ્ર અરજીની રકમ નામ માત્ર સમયમાં પુરી થઈ ગઈ જે માટે સૌની ભુરી ભુરી અનુમોદના.

# પ્રથમ પુણ્યતિથિ ભાવભરી શ્રધ્ધાંજલી



## સ્વ. શેઠશ્રી હંસકુમાર ભવાનજી ખીમજી

**ગામ : તેરા-માટુંગા**


**સ્વર્ગવાસ : તા.૦૬-૦૬-૨૦૨૩**

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂં જીવન હતું,
પરોપકાર તમારૂ રટણ હતું, સત્યકાર્ય તમારી શોભા હતી,
એક સેવાભાવી નીસ્વાર્થ વ્યક્તિત્વ અને
કર્મનિષ્ઠ પુણ્યાત્માને પ્રભુ શાંતિ અર્પે
એજ પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ છીએ...

-: શ્રદ્ધાસુમન :-

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**
**ટ્રસ્ટબોર્ડ તથા મહાસમિતિના સભ્યો**

# પ્રથમ પુણ્યતિથી



જન્મ
૧૪-૫-૧૯૪૦

અરિહંતશરણ
૦૬-૬-૨૦૨૩

## સ્વ.શેઠશ્રી હંસકુમાર ભવાનજી ખીમજી

ગામ : તેરા - માટુંગા

પાંપણ ઝૂકે ને તમને નમન થઈ જાય, મસ્તક ઝૂકેને તમને વંદન થઈ જાય...
પણ એવી નજર હવે ક્યાંથી લાવીએ, કે તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય...

### માતુશ્રી મીઠીબાઈ મણીલાલ ખોના પરિવાર

સુથરી-મુલુંડ

સરોજ રાજેન્દ્ર મણીલાલ ખોના
રેખા મણીલાલ ખોના
હેમા અશ્વિન મણીલાલ ખોના
દર્શના ચંદ્રસેન દંડ
કિન્નરી સંકેત ધરમશી - મુલુંડ
ચાંદની અતુલ શાહ - વાશી
કાદંબરી અંકિત ખોના - વાપી

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૧૦-૧૨-૧૯૬૮

અરિહંત શરણ
૩૧-૦૫-૨૦૨૪

## સ્વ. હરીશ જયંતીલાલ મોમાયા

(ઉ.વ. ૫૫)

આપ ગુણોના ઉદ્યાન હતા, ને હતા સમર્પણની સુવાસ
આપની છાયા વડલા સમી, ને કાર્ય નદી સમાન
અમી ભરેલી આંખ હતી, હૈયે હતા હેતના ધોધ,
સત્કર્મ જીવન જીવી ગયા, આપ્યો સત્કર્મનો બોધ.

**વ્હાલા હરીશને સપ્રેમ શ્રધ્ધાસુમન**

**માતુશ્રી દેવકાંબાઈ રતનશી લોડાયા (જખૌ)**
**માતુશ્રી મીઠીબાઈ મણીલાલ ખોના પરિવાર (સુથરી-મુલુંડ)**
**સરોજ રાજેન્દ્ર મણીલાલ ખોના**
**રેખા મણીલાલ ખોના • હેમા અશ્વિન મણીલાલ ખોના**
**દર્શના ચંદ્રસેન દંડ • કિન્નરી સંકેત ધરમશી (મુલુંડ)**
**ચાંદની અતુલ શાહ (વાશી) • કાદંબરી અંકિત ખોના (વાપી)**
**પ્રિયંકા રાહેન કાકડીયા (યુએસએ) • અદિતી ચંદ્રસેન દંડ (ઓસ્ટ્રેલિયા**
**મહેક સંકેત ધરમશી (મુલુંડ) • પાર્શ્વ સંકેત ધરમશી (મુલુંડ)**
**યશ્વી અતુલ શાહ (વાશી)**

# પ્રથમ પુણ્યતિથિ સ્મૃતિવંદના



કચ્છ
તેરા

હાલે
માટુંગા

# શેઠશ્રી હંસકુમાર ભવાનજી ખીમજી

**પ્રભુ સમીપે : તા.૦૬-૦૬-૨૦૨૩**

અંજલિ આપતાં હૈયું તૂટે છે...
શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે...
કુદરતના ખજાનાને ખોટ પડે છે...
ત્યારે ધરતીના મધમધતા ફૂલો ચૂંટે છે...

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી? વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી?
પ્રભુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના.

# શ્રીમતી હેમા ગુલાબચંદ છેડા પરિવાર

(કચ્છ નલિયા - બેંગલોર)

# શ્રી કેડીઓ વિદ્યાર્થી સંઘ દ્વારા શ્રી આદિ નેમ સંધ્યા ભક્તિ કાર્યક્રમ સંપન્ન















તા.૨૫ મે શનિવારના સાંજે ૭ કલાકે ભાંડુપ વેસ્ટના મેવાડ કેસરી ભવન એસી બેન્કવેટ હોલ મધ્યે શ્રી કચ્છી દશા ઓસવાલ સ્ટુડન્ડ એસોસિએશન દ્વારા શ્રી આદિ નેમ સંધ્યા ભક્તિ ૨૦૨૪ કાર્યક્રમ ભવ્યતાથી યોજાયો. કાર્યક્રમમાં યુવા સિંગર ભાવિક શાહ, પારસ ગડા અને હર્ષિત શાહ સુમધુર સ્વરે સંધ્યા ભક્તિ કરી હતી. ઉપસ્થિત સર્વેને ભક્તિમાં તલ્લીન કરી દીધાં હતા. કાર્યક્રમનું સંચાલન ઈશાન દોશીએ આકર્ષક રજૂઆતથી કર્યું હતું. કાર્યક્રમ સ્થળના સહયોગી માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા પરિવાર બાંડીયા-ભાંડુપ હસ્તે ફાઈવ સ્ટાર કેટરર્સ અને જાહેરાત માટેના સહયોગી માતુશ્રી કસ્તુરબાઈ રાયચંદ લાલકા પરિવાર વારાપધ્ધર-બોરીવલી રહ્યાં હતા.

એક હજારથી વધુ જ્ઞાતિ ભાઈ-બહેનો કાર્યક્રમમાં હાજરી આપી હતી. ૩૦૦ થી વધુ યુવાનો ભક્તિના રંગમાં શ્રધ્ધા ભાવપૂર્વક જોડાયા હતા.



મુમુક્ષુ રત્ના યશ્વીબેન ગોસર



પ્રમુખ શ્રી ઉજ્વલ પિયૂષ લોડાયા



મુમુક્ષુ રત્ના યશ્વીબેન ગોસરનું બહુમાન ટીમ દ્વારા


# શ્રી કેડીઓ વિદ્યાર્થી સંઘ દ્વારા શ્રી આદિ નેમ સંધ્યા ભક્તિ કાર્યક્રમ સંપન્ન











દીક્ષા મુમુક્ષુરત્ના યશ્વીબેન ગોસરની દીક્ષાના ૧૨ જૂનના રોજ મુલુંડ મધ્યે છે તેમનું બહુમાન કરાયું હતું. સમગ્ર ઈવેન્ટ યુટ્યુબ પર લાઈવ પ્રસારિત થઈ હતી. જેને સમગ્ર વિશ્વમાં પાંચ હજારથી લોકોએ માણી હતી. યુ ટ્યુબ લિંક https://youtube.com/live/42Tg4eYQ9gE?feature=share પર જઈ આજે પણ ૩.૫૩ કલાકની ઈવેન્ટનો વીડિયો ઘરબેઠા માણી શકાય છે.

ફોટોગ્રાફી અને લાઈવ વિડીયોગ્રાફી તિલક લોડાયા (સ્વસ્તિક ફોટો) જ્યારે મોમેન્ટો પાર્ટનર અશોક લાપસીયા (મહાવીર સ્પોર્ટસ) હતા.

કેડીઓ વિદ્યાર્થી સંઘ તીર્થયાત્રા, પૂજન, નવકાર જાપ કરે છે. પણ આ વખતે બે શાશ્વત તીર્થ શ્રી શેત્રુંજ્ય મહાતીર્થ અને શ્રી ગિરનાર તીર્થના ધ્વજા મહોત્સવ એક દિવસ આગળ પાછળ હતી. તેથી વચ્ચેના દિવસે આ સંધ્યા ભક્તિ યોજાઈ હતી તેથી તેનું નામ શ્રી આદિ નેમ સંધ્યા ભક્તિ ૨૦૨૪ રખાયું હતું. આ પ્રકારની ઈવેન્ટ કેડીઓના ઈતિહાસમાં પ્રથમવાર થઈ હતી. તમામ દાતાઓ, શુભેચ્છકો અને જ્ઞાતિજનો વધુને વધુ વિદ્યાર્થી સંઘ પર આશીર્વાદ વરસાવે જેથી આવા ભવ્ય ભક્તિ કાર્યક્રમો ભવિષ્યમાં યોજી શકીએ. કેડીઓ જ્ઞાતિ સમજાનો પાયો યુવાઓ છે અને યુવાઓનું સંગઠન એટલે કેડીઓ વિદ્યાર્થીસંઘ જે જ્ઞાતિનો ઉજ્જવળ ભવિષ્ય દર્શાવે છે.

કેડીઓ વિદ્યાર્થી સંઘ શુભેચ્છક, દાતાઓ જેમણે આ કાર્યક્રમને ઐતિહાસિક રીતે સફળ બનાવવા માટે ભેટ આપી છે તે માટે તેમનો આભાર માને છે.




# શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ ભુજના નવા પદાધિકારીઓ વરાયા



પ્રમુખ | ઉપપ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી | સહમંત્રી | ખજાનચી

શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ ભુજના નવા હોદ્દેદારોની વરણી કરાઈ જેમાં પ્રમુખ તરીકે તુષાર એમ. જૈન, ઉપપ્રમુખો રાહુલ બી. દંડ, નીરવ ડી. મોતા. મંત્રી પદે અભય ડી. ધરમશી, સહમંત્રી તરીકે ધવલ એચ. છેડા તથા ખજાનચી પદે દીપેશ પી. શાહ ઉપરાંત ૧૦ કારોબારી સભ્યોની વરણી કરાઈ હતી.

# શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળના નવા હોદ્દેદારોની વરણી થઈ



પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી | સહમંત્રી | ખજાનચી | સહખજાનચી

શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ ભુજની નવી ટર્મ માટે પદાધિકારીઓ વરાયા. જેમાં પ્રમુખ તરીકે જયાબેન પ્રબોધ મુનવર, ઉપપ્રમુખ પદે જયુબેન અનિલ શાહ, મંત્રીપદે જીનાલી ભૂપેશ શાહ, સહમંત્રી તરીકે હેતલ હેમંત મોમાયા, ખજાનચી પદે અમિતા તુષાર જૈન, સહ ખજાનચી તરીકે લીલાવંતી હીરાચંદ છેડા ઉપરાંત સલાહકાર સમિતિ સભ્યો તથા ૧૨ કારોબારી સભ્યો વરાયા હતા.

# શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલીની હેલ્થી બેબી સ્કીમ

શ્રી ક.દ.ઓ મંડળ-ડોંબિવલી દ્વારા એક ખાસ યોજના ચાલી રહી છે. જેમાં ડોંબિવલી મંડળના પરિસરમાં રહેતા શ્રી ક.દ.ઓ. જ્ઞાતિજનના ઘરે નવજાત બાળકના આગમનની ખુશાલી નિમિતે બાળક અને એની માતાને મંડળ તરફથી એક કીલો શુદ્ધ ઘીનાં કાંટરા ના પૌષ્ટીક લાડવા અને બાળક માટે ઉપયોગી વસ્તુઓની કીટ ભેટ તરીકે આપવામાં આવે છે. બાળકના જન્મની જાણ  સાત દિવસની અંદર મંડળને કરવાની રહેશે અને પરિવારના કોઈપણ સભ્યે બુધવાર અથવા રવિવારે મંડળના સમયે મંડળમાંથી લાડુ તેમજ ભેટ સ્વીકારવાની રહેશે.

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીને હેલ્થી ફુડ-હેલ્થી બેબી સ્કીમ અંતર્ગત શુદ્ધ ઘીના ૧ કિલોના કાંટરાના લાડુના વિતરણ માટે વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂા.૧૮,૦૦૦ /-નું અનુદાન સ્વ.શાંતિલાલ ખીમજી નાગડાના સ્મરણાર્થે (નલીયા-મુલુંડ) હસ્તે. પ્રેમિલાબેન શાંતિલાલ નાગડા તરફથી પ્રાપ્ત થયેલ છે. જે માટે પરિવારને ખૂબ ખૂબ આભાર સહ અનુમોદના.

વધુ વિગત માટે મંડળના કાર્યાલયમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.

કન્વીનર : શ્રીમતી મનિષા હરેશ મોમાયા (સાંયરા)- ૯૮૩૩૭ ૩૨૩૪૫

## આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧૫ જુન | શ્રી મુંબઈ મહાજન તથા શ્રી અનંતનાથજી ટ્રસ્ટ આયોજિત Grooming Workshop - વીએલવીજી, ઘાટકોપર |
| તા. ૧૭ જુન | શ્રી જખૌ તિર્થ ૧૭૭ મો ધ્વજારોહણ મહોત્સવ |
| ૨૮-૩૦ જુન | શ્રી ક.દ.ઓ.સર્વોદય મંડળ મુલુંડ-મહિલા વિભાગ દ્વારા આયોજિત અષ્ટવિનાયક યાત્રા પ્રવાસ |
| તા. ૬/૭ જુલાઈ | નલિયામાં બિરાજમાન નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા ભાવિકોની નલિયા મુકામે સમૂહ પહેડી અને ભક્તિ ભાવના. |
| તા. ૧૩ જુલાઈ | શ્રી ક.દ.ઓ.પશ્ચિમ એકમ દ્વારા વાપીમાં આયોજિત એક વિશિષ્ટ ઈવેન્ટ: Kdo Development Ocean |
| તા. ૧૪ જુલાઈ | શ્રી ક.દ.ઓ.મંડળ ડોમ્બીવલી આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ |
| તા. ૧૪ જુલાઈ | નલિયામાં બિરાજમાન ખોના પરીવારના કુળદેવી સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની નલિયા મુકામે પહેડી. |

# પ.પૂ.સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૨૭મા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ કોઠારાના માતુશ્રી જયાબેન ટોકરશી લોડાયાના ધર્માનુરાગી પુત્રી વિક્રમ સંવત ૨૦૫૪ના જેઠ સુદી ૨ તિથિ દિને ડોંબિવલી મધ્યે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા.ના હાથે દિક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી અર્હતકિરણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂત્તન નામ પ.પૂ.સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પથના પ્રવાસનો પ્રારંભ કર્યો.

જપ, તપ, ધર્મ, ધ્યાન, આરાધના કરતા કરતા રજત વર્ષ પાર કરી વિક્રમ સંવત ૨૦૮૦ના જેઠ સુદી ૨ તિથિ દિને પૂજ્ય સાહેબે સંયમ જીવનના ૨૬ વર્ષ પૂર્ણઈ કરી ૨૭મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે આ પાવન પ્રસંગે હૃદયની કામના છે કે સાહેબજી અવિરત આગળ વધતા રહી સંયમ જીવનના સુવર્ણ વર્ષ, હીરક, અમૃત વર્ષ પાર કરી શતક વર્ષના સર્વોચ્ચ શિખરે બિરાજમાન થાય. એજ અંતકરણની ભાવના સાથે શત શત વંદના.

## શ્રી કદઓ મંડળ ડોંબિવલીના કાર્યાલયમાં કાર્યરત શ્રી મુક્તિકૃપા પાઠશાળા

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી અંતર્ગત ચાલતી ૧૩ પાઠશાળાઓમાંથી શ્રી મુક્તિકૃપા પાઠશાળા શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલીના કાર્યાલયમાં ઘણા વર્ષોથી ચાલે છે. જેમાં બાળકોને ધાર્મિક શિક્ષણ અપાય છે. ધાર્મિક જ્ઞાન, શિક્ષણ સાથે ગમ્મત, ગણતર, ચોકલેટ, પીપરમેન્ટ, બિસ્કિટનું વિતરણ પરીક્ષા લઈ પાસ થનારને ઇનામ અને ગિફ્ટ પણ આપવામાં આવે છે. પાઠશાળાનો સમય સાંજના ૭.૩૦ થી ૮.૩૦ શિક્ષિકાબહેન શ્રીમતી લીનાબેન મનીષ સંગોઈ સમાઘોઘા જે છેલ્લા ૧૬ વર્ષોથી સમર્પિત ભાવથી બાળકોને શિક્ષણ આમ રહ્યાં છે. બાળકોને પાઠશાળામાં અવશ્ય મોકલીને ધર્મના સંસ્કારના રોપણનો લાભ લેવા વિનંતી વધુ વિગત માટે સંપર્ક કન્વીનર શ્રીમતી જિજ્ઞાબેન વિજય છેડા, સુજાપુર મો.નં.૯૩૨૨૧૦૮૭૬૮, શ્રીમતી નેહલબેન વિકેશ ધરમશી, કોઠારા મો નં.૯૬૯૯૧૯૪૯૧૭.

પાઠશાળા સ્થળ - રૂમ નં.૧, ગ્રાઉન્ડ ફ્લોર, ધનંજય એપાર્ટમેન્ટ, રામનગર, ડૉ.રાજેન્દ્ર પ્રસાદ રોડ, ડોંબિવલી(પૂર્વ).

વર્ષ ૨૪-૨૫ માટે પાઠશાળાના નિભાવ ખર્ચ માટે રૂા.૩૬ હજાર માતુશ્રી પ્રેમાબાઈ ભવાનજી મોમાયા હસ્તે અ.સૌ. મનોરમાબેન નરેશ ભવાનજી મોમાયા, નલિયા-ઘાટકોપર રૂા.૧૧ હજાર માતુશ્રી જયાબેન મોતીચંદ લોડાયા, મોટી ખાવડી-ઘાટકોપર. રૂા.૧૧ હજાર બિપીન પાશ્વિર નાગડા, રંગપુર-મુલુંડ અને સોજપાર મુનવરના કાયમી ફંડનું વ્યાજની રકમ મળેલ છે. દરેક પરિવારોની અનુમોદના શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીના પ્રમુખ મહેન્દ્ર મેઘજી મોતા વારા પધ્ધર તથા વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યોએ કરી છે.

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**કલ્પનાબેન મોતા**
તા.૨ જૂન (ઉ.૬૯)
કુઆપધર-સેલમ



**અનિલભાઈ લોડાયા**
તા.૪ જૂન (ઉ.૫૨)
બાયઠ-ડોંબિવલી



**શરદભાઈ ખોના**
તા.૪ જૂન (ઉ.૬૧)
કોઠારા-સાંગલી



**ગુણવંતીબેન લાપસીયા**
તા.૪ જૂન (ઉ.૭૭)
દલતુંગી-મુંબઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● લખપત તાલુકાના માતાના મઢ પાસે પુનરાજપર ગામે આ વર્ષના અંતે અથવા વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં જી.એમ. ડી.સી.દ્વારા ૨૯૦૦ હેક્ટરમાં લિગ્નાઈટની ખાણ તૈયાર કરવા માટે પુરપાટે કાર્ય ચાલુ છે. તો વન વિભાગ તેમજ પર્યાવરણ વિભાગની મંજૂરી અંતિમ તબક્કામાં હોવાનું જાણવા મળી રહ્યું છે. ૨૯૦૦ હેક્ટર જમીન ક્ષેત્રફળ પર જીએમડીસી તરફથી બોરવેલ બનાવી અંદાજે ૧૦૦ મીલીયન મેટ્રિક ટન લિગ્નાઈટ જમીનના પેટાળમાં ધરબાયેલું હોવાનો અંદાજ બાંધવામાં આવ્યો છે. આ સાઈટના ઉપરના ભાગે લિગ્નાઈટ પહેલા અંદાજે ૭૦૦ મીલીયન લાઈમ સ્ટોન મળી આવ્યું છે. આ લાઈમસ્ટોન ઉચ્ચ ગુણવત્તાવાળું છે તે સિમેન્ટ બનાવવા માટે મહત્વનું ખનીજ હોવાથી જી.એમ.ડી.સી.ને ડબલ ફાયદો મળશે એવું જાણકારો જણાવી રહ્યાં છે.

● દક્ષિણ ભારતના કર્ણાટક રાજ્યની રાજધાની બેંગ્લોરના રાજભવનમાં કચ્છ માટે ઐતિહાસિક લેખાય તેવા સમારોહ પ્રસંગે રાજ્યના મુખ્ય પ્રધાન સિધ્ધા રામૈયાની ઉપસ્થિતિ વચ્ચે રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે મૂળ માંડવીના અને ગુજરાત હાઈકોર્ટના કચ્છી જસ્ટિસ નિલય વિપિનચંદ્ર અંજારિયાને કર્ણાટકની વડી અદાલતના મુખ્ય ન્યાય મૂર્તિ પદે શપથ ગ્રહણ કરાવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ બી.એ.વૈષ્ણવ, એ.એસ.સુપેહિયા, ઉમેશ ત્રિવેદી ભાર્ગવ કારિયા, જે.એન.વોરા, વી.ડી.નાણાવટી સાથે કચ્છમાંથી આમંત્રિત કરાયેલા વરિષ્ઠ ધારાશાસ્ત્રી ભરત ધોળકિયા, માંડવીથી હરીશ ગણાત્રા, હાઈકોર્ટના એડવોકેટ ભવ્યેશ માંકડ પણ આ મહત્વપૂર્ણ પ્રસંગના સાક્ષી બન્યાં હતાં.

● અંજારમાં પાંચ વર્ષ અગાઉ ૧૧ નંદી સાથે શરૂ કરાયેલી ગુજરાત ભરની પ્રથમ નંદી શાળામાં આજે ૮૦૦ જેટલા નંદીની સુશ્રુષા કરાઈ રહી છે. સંવેદના ગૌ સેવા ગ્રુપ દ્વારા પરિવારના સભ્યોની જેમ આ સેવાકાર્ય કરાય છે. અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં રખડતી ભટકતી ગાયો માટે ગૌશાળા અને પાંજરાપોળ તો સંખ્યા બંધ છે. પરંતુ નંદીઓ માટે કોઈ આશ્રય સ્થાન નથી. અત્રે ટેકરી પર નંદી મંદિર બનાવવામાં આવ્યું છે. જ્યાં સવાર સાંજ આરતી પૂજન કરવામાં આવે છે. દર વર્ષે સુવિધાઓમાં વધારો કરાઈ રહ્યો છે. નંદીઓને તહેવારોમાં લાડુ, લાપસી પીરસવામાં આવે છે. ગંદકી ન થાય એ માટે સફાઈ નિયમિત થાય છે.

● કચ્છ એ સૌથી મોટો સરહદી જિલ્લો છે એટલે અત્રે સંદેશ વ્યવહારની સુવિધાઓ બહેતર બનાવવા પર કેન્દ્ર સરકારના સંદેશ વ્યવહાર મંત્રાલયનું વિશેષ ધ્યાન છે. એવું ડાક સામુદાયિક વિકાસ કાર્યક્રમો માટે ભુજ આવેલા સંદેશા વ્યવહાર ખાતાના રાજ્યકક્ષાના મંત્રી દેવુસિંહ ચૌહાણએ જણાવ્યું હતું. આગામી તબક્કામાં જિલ્લામાં ઔદ્યોગિકરણ બહુ મોટા પ્રમાણમાં વધવાનું છે અને એ માટે સંચાર મંત્રાલય ઉદ્યોગો સાથે સંકલન કરીને જરૂરી સુવિધાઓ માટે હકારાત્મકત છે. વર્ષ અગાઉ પોસ્ટ વિભાગ દ્વારા ડ્રોનથી પોસ્ટની ડિલેવરીનું પરીક્ષણ હબાયથી નેર સુધી સફળ રીતે કરાયું હતું. આગામી સમયમાં ડ્રોન સસ્તા બનશે અને કચ્છ સહિતના વિસ્તારોમાં પોસ્ટ વિભાગ ડ્રોન દ્વારા ડિલેવરી કરશે.

● સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડી.આય ચંદ્રચુડના અધ્યક્ષ સ્થાને ધોરડોમાં ત્રણ દિવસીય ન્યાયાધીશ પરિષદમાં ૩૦૦ જેટલા ન્યાયાધીશો જોડાયા હતા. સર્વોચ્ચ અદાલત, રાજ્યોની વડી અદાલતો, ઉપરાંત જિલ્લા કોર્ટના મુખ્ય અને જિલ્લા સ્તરના ન્યાયાધીશને આ પરિષદમાં સામેલ કરાયા હતા. દેશના ગૃહમંત્રી દ્વારા ન્યાય પાલિકામાં સુધારા અને તેની તાત્કાલિક અમલવારી અન્વયે કરેલી જાહેરાતને પગલે કાયદાની સમજ, તેના અર્થઘટન સહિતના તમામ મુદ્દે વિચાર વિમર્શ આ પરિષદમાં કરાયા હતા.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA